રજૂ તારીખ : ૦૮/૦૪/૨૦૨૪
દાખલ તારીખ : ૦૮/૦૪/૨૦૨૪
નિકાલ તારીખ : ૩૦/૦૫/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ

આંક :

**ભાવનગર જિલ્લાના સત્ર ન્યાયાધીશની કોર્ટમાં, મુકામ : ભાવનગર.**

**ચુકાદો આપ્યાની તારીખ :** **સેશન્સ કેસ નં.૫૨/૨૦૨૪**
**તા.૩૦/૦૫/૨૦૨૬**

**બોરતળાવ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૮૦૧૫૨૩૧૨૬૦/૨૦૨૩**

**ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ મુજબ.**

| | |
|---|---|
| **ફરિયાદી :** | **શ્રી સરકાર....**<br>**મનીષાબેન વા/ઓ. તુલસીરામ શામજીભાઇ ડાંગીયા,**<br>ઉ.વ.૪૦, ધંધો : મજૂરી, રહે.ચિત્રા, ફીલ્ટરની ટાંકી પાસે, મીરાનગર, પ્લોટ નં.૨૩૨,ભાવનગર. |
| **સરકાર તરફે :** | **વિધ્વાન પી.પી.શ્રી એમ.આર.જોષી** |
| **આરોપી :** | **૧. ભગવતીબેન વા/ઓ. નીતીનભાઇ ભવાનભાઇ પરમાર,**<br>ઉ.વ.૩૭, ધંધો : ઘરકામ, રહે.ઉગામેડી ગામ, તળાવ વિસ્તાર, વાલ્મીકી વાસ, તા.ગઢડા, જિ.બોટાદ. |
| | **૨. વિષ્ણુભાઇ સ/ઓ. બચુભાઇ ટીડાભાઇ મકવાણા,**<br>ઉ.વ.૨૭, ધંધો : કોન્ટ્રાકટર, રહે.ગઢેચી વડલા રોડ, ભાયાણીની વાડી સામે, પ્લોટ નં.૩, મેલડીમાંનાં મંદીરની બાજુમાં, ભાવનગર. |
| **આરોપી નં.૧ તરફે :** | **વિધ્વાન વકીલ શ્રી ખુશ્બુબેન વી. દોશી** |
| **આરોપી નં.૨ તરફે :** | **વિધ્વાન વકીલ શ્રી કે.એ.વ્યાસ** |

## **–: ફોર્મ – બી :–**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૧૮/૦૭/૨૦૨૩ |
| એફ.આઇ.આર.ની તારીખ : | ૨૩/૦૮/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ : | ૧૭/૦૫/૨૦૨૩ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ : | ૦૬/૦૯/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ : | ૨૫/૧૦/૨૦૨૪ |
| ચૂકાદો અનામત રાખ્યાની તારીખ : | ૧૫/૦૫/૨૦૨૬ |
| ચૂકાદો આપ્યા તારીખ : | ૩૦/૦૫/૨૦૨૬ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો : | –– |

## **–: આરોપીઓની વિગત :–**

| આરોપીનો ક્રમ | આરોપીઓના નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છૂટયાની તારીખ | ગુનાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભગવતીબેન વા/ઓ. નીતીનભાઇ ભવાનભાઇ પરમાર | ૨૯/૮/૨૩ | ૧૨/૯/૨૩ | IPC 306 | ACQUITTAL | –– | –– |
| ૨ | વિષ્ણુભાઇ સ/ઓ. બચુભાઇ ટીડાભાઇ મકવાણા | ૧૨/૯/૨૩ | ૫/૯/૨૩ | IPC 306 | ACQUITTAL | –– | –– |

## **–:: ચૂકા દો ::–**
## **તા.૩૦/૦૫/૨૦૨૬**

૧. આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

૨. ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, **ફરિયાદી મનીષાબેન વા/ઓ. તુલસીરામ શામજીભાઇ ડાંગીયા,** પ્લોટ નં.૨૩૨, મીરાનગર, ફીલ્ટરની ટાંકી પાસે, ચિત્રા, ભાવનગર ખાતે પોતાના સસરા શામજીભાઇ તથા સંતાનો સાથે રહે છે અને જ્ઞાનમંજરી કોલેજ ખાતે સફાઇ કામ કરી મજૂરી કામ કરે છે. તેમના સંતાનમાં ત્રણ દીકરી તથા એક દીકરી છે જેમાં સૌથી મોટી દીકરી આરતી, તેનાથી નાની હેતલ, તેનાની નાની દુર્ગા છે અને સૌથી નાનો દીકરો

વિષ્ણુ છે. તેના પતિ તુલસીરામ છેલ્લા નવ વર્ષથી તેઓથી અલગ રહેતા હતા અને સને ૨૦૦૧ થી રેલ્વેમાં કોન્ટ્રાકટ ઉપર પોતાની ઇકો ગાડી એમ્બ્યુલન્સ તરીકે ચલાવતા હતા. તેણી ચાર ધોરણ સુધી ભણેલ છે. ગઇ તા.૧૮/૭/૨૦૨૩ ના રોજ તેણી તથા તેના નણંદ કીરણબેન રવીભાઇ વાળા બંને જ્ઞાનમંજરી સ્કૂલે કામ ઉપર હતાં તે દરમ્યાન બપોરના આશરે એકાદ વાગ્યે તેના નણંદ મીરાબેન પ્રકાશભાઇ ભટ્ટનો તેના નણંદ કીરણબેન રવીભાઇ વાળાના ફોનમાં ફોન આવતા તેણી સાથે વાત કરેલ કે, મારા ભાઇ તુલસીરામ રેલ્વે વર્કશોપ, ભાવનગર ખાતે પડતા તેમને વાગેલ છે અને તેને રેલ્વે હોસ્પીટલ ખાતે સારવારમાં લાવેલ છે, તમે રેલ્વે હોસ્પીટલ આવો તેમ વાત કરતા તેણી તથા તેના નણંદ કીરણબેન બંને રેલ્વે હોસ્પીટલ આવતા ત્યાં તેણીના પતિને ડોકટરશ્રીએ મરણ ગયેલ જાહેર કરેલ. હોસ્પીટલ ખાતે તેના નણંદ મીરાબેન હાજર હોય તેઓને વાત કરેલ કે, મારા ભાઇ તુલસીરામ રેલ્વે વર્કશોપની બિલ્ડીંગ ઉપરથી પોતાની જાતે પડી જઇ આપઘાત કરી લેતા સારવારમાં લાવતા મરણ ગયેલ છે. તેમ વાત કરતા આ બનાવની તેઓને જાણ થયેલ હતી. રેલ્વે હોસ્પીટલ ખાતેથી તેના પતિની લાશને સર ટી. હોસ્પીટલ, ભાવનગર ખાતે લાવી લાશને પી.એમ. થવા સારુ પી.એમ. રુમમાં મુકાવેલ હતી. તેના પતિની લાશનું પી.એમ. થઇ જતાં લાશનો કબજો તેઓને સોંપતા તેઓની જ્ઞાતિના રીતરીવાજ મુજબ તેઓના ઘરે લાશની અંતિમવિધિ કરેલ હતી. જે બનાવ અનુસંધાને બોરતળાવ પોલીસ સ્ટેશન અ.મોત નં.૩૧/૨૦૨૩, તા.૧૮/૭/૨૦૨૩ થી રજીસ્ટર થયેલ છે.

૨.૧. ગઇ તા.૧૮/૭/૨૦૨૩ ના રોજ તેણીના પતિએ મરતા પહેલા તેના વોટસએપ સ્ટેટસમાં સુસાઇડ નોટ મુકેલ હતી, જે સુસાઇડ નોટ તેણીના પતિના મોબાઇલના કવરમાંથી મળી આવેલ હતી. તેમાં એમ્બ્યુલન્સનાં બીલના પૈસા એક વર્ષથી નહિ મળતા કરજ થઇ ગયેલાનું તેમજ ભગવતી માટે આ બધુ કર્યુ છતાં પણ તે દગો આપી તેના પતિ સાથે ઉગામેડી જતી રહેલ હોય જેથી આ પગલુ

ભર્યુ હોવાનું લખેલ છે. તેમના મોતના જવાબદાર ભાવનગર રેલ્વે વર્કશોપ અને ભગવતી બંને છે. જેમાં રેલ્વે વર્કશોપના CWE-એચ.સી.જાંગીડ, Dy.CME અશોક મીણા બીલ પાસ નથી કરતા તેમ તેણીના પતિએ લખેલ છે. તેમજ આજથી આશરે ૯ વર્ષથી તેણીના પતિ તુલસીરામને ભગવતીબેન નીતીનભાઇ પરમાર, રહે.ઉગામેડી ગામ, વાલ્મીકીવાસ, તા.ગઢડા, જિ.બોટાદવાળી સાથે પ્રેમસબંધ હોવાથી પતિ-પત્ની તરીકે સાથે રહેતા હતાં. જે દરમ્યાન તેઓને કોઇ સંતાન નથી. તેણીના પતિએ સને ૨૦૨૧ માં પોતાની ઇકો ગાડી વિષ્ણુભાઇ બચુભાઇ મકવાણા, રહે.શાસ્ત્રીનગર, ભાવનગરવાળાની રામદેવ એન્ટરપ્રાઇઝમાં રેલ્વેમાં એમ્બ્યુલન્સને કોન્ટ્રાકટમાં રાખી પોતે ડ્રાઇવીંગ કરતા હતાં જેમાં છેલ્લા એક વર્ષથી તેઓના કોન્ટ્રાકટના બીલના પૈસા આપતા ન હતાં તેમજ ભગવતી અવારનવાર પોતાના સંતાનોને મળવાના બહાને પંદર-વીસ દિવસ ઉગામેડી જતી રહેતી હતી. પરંતુ તેણીના પતિને તેઓના ઘરે આવવાની કે તેઓના સંતાનોને મળવાની કે વાત કરવાની મનાઇ કરેલ હતી. તેણીના પતિ ચોરીછુપીથી તેણીના સસરાના મોબાઇલમાં ફોન કરેલ ત્યારે વાત કરેલ હતી. આશરે બે મહિના પહેલા તેણીના પતિ તેની ભાણેજ સોનલબેન અશોકભાઇ વાઘેલાને મળેલ હતાં ત્યારે ''ભગવતી ઘરનું મકાન લેવાનું કહે છે અને જો ભાડે રહેવું હોય તો મારા પતિ પાસે જતી રહીશ તેવી ધમકી આપે છે'', તેમ તેણીના પતિએ વાત કરેલ હતી. તા.૧૧/૭/૨૦૨૩ ના રોજ ભગવતી તેના પતિ પાસે ઉગામેડી જતી રહેલ હતી.

૨.૨. આમ, તેણીના પતિને ભગવતીબેન નીતીનભાઇ પરમારે માનસિક ત્રાસ આપી તથા રેલ્વેના કોન્ટ્રાકટર વિષ્ણુભાઇ બચુભાઇ મકવાણા (રામદેવ એન્ટરપ્રાઇઝ) તથા રેલ્વે વર્કશોપના CWE-એચ.સી.જાંગીડ, Dy.CME અશોક મીણાએ તેણીના પતિના બીલના પૈસા છેલ્લા એક વર્ષથી નહિ આપી મરવા મજબૂર કરતાં તેણીના પતિ રેલ્વે વર્કશોપની બિલ્ડીંગ ઉપરથી પડતુ મુકી

આપઘાત કરેલ છે, જેથી આજરોજ તેણી અહીં પોલીસ સ્ટેશન પોતાની ભાણેજ સોનલબેન ડો/ઓ. અશોકભાઈ વાઘેલા તથા મીરાબેન પ્રકાશભાઈ ભટ્ટ સાથે ફરિયાદ કરવા આવેલ છે. તો ઉપરોકત તમામ વિરુધ્ધ ધોરણસર થવા તેની ફરિયાદ છે.

૨.૩. આ મતલબના બનાવની ફરિયાદ ફરિયાદીએ તા.૨૩/૮/૨૦૨૩ ના રોજ બોરતળાવ પો.સ્ટે.નાં પી.એસ.આઈ., કે.સી.રેવર સમક્ષ નોંધાવતા ઉપરોકત ફરિયાદના આધારે ગુનો નોંધ્યા બાદ તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાનું જણાવતા ભાવનગરના વિધ્વાન ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલતમાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે અને તેમા CWM–એચ.સી.જાંગીડ તથા Dy.CME અશોક મીણાને નહિ પકડાયેલ આરોપી તરીકે દર્શાવેલ છે.

૩. સદર કામે આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલ મળ્યાની તેમજ આરોપીઓને બચાવ માટે સરકારી વકીલની જરૂર છે કે કેમ? તેવી ખાતરી કરતાં આરોપી નં.૧ નાંઓએ પોતાના ખર્ચે વકીલ રોકેલ છે, જયારે આરોપી નં.ર નાંએ લીગડ એઈડમાંથી વકીલ રોકેલ છે. ત્યારબાદ સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સેશન્સ અદાલતને હોય ભાવનગરના વિધ્વાન ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ધ્વારા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ અન્વયે આ કેસ સેશન્સ અદાલતને કમીટ કરેલ છે. ત્યારબાદ આ કેસની સુનાવણી સેશન્સ અદાલત મારફત હાથ ધરવામાં આવેલ છે.

૪. અત્રેની અદાલત ધ્વારા આ કામના આરોપીઓ વિરૂધ્ધ આંક ૧૧ થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ મુજબનાં ગુનાનું તહોમતનામું ફરમાવી આરોપીઓનો અનુક્રમે આંક ૧૨, ૧૩ થી જવાબ લેતાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ, જેમાં ફરિયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | નામ | આંક | પુરાવાની વિગત |
|---|---|---|---|
| ૧ | ડો.વિશાલ મનુભાઇ વાળા | ૧૪ | પી.એમ. કરનાર |
| ૨ | મનીષાબેન તુલસીરામભાઇ ડાંગીયા | ૨૪ | ફરિયાદી |
| ૩ | મીરાબેન પ્રકાશભાઇ ભટ્ટ | ૨૯ | મરણ જનારની બહેન |
| ૪ | રસીકભાઇ હરીભાઇ પરમાર | ૩૩ | મરણ જનારનો મોબાઇલ/સુસાઇડ નોટ કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૫ | રજાકભાઇ ઇસ્માઇલભાઇ પરમાર | ૩૬ | મરણ જનારનો મોબાઇલ/સુસાઇડ નોટ કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૬ | શાહરુખભાઇ ફારુકભાઇ આરબીયાણી | ૩૭ | ઝડતી પંચનામાના પંચ |
| ૭ | મંગાભાઇ ચકુરભાઇ મકવાણા | ૩૯ | પી.એસ.ઓ. |
| ૮ | કીરીટભાઇ ચનાભાઇ રેવર | ૪૩ | તપાસ કરનાર અમલદાર |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | જે સાહેદની જુબાનીમાં રીફર થયેલ છે તે સાહેદની વિગત | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૫ | સાહેદ નં.૧ | પી.એમ. રીપોર્ટ |
| ૨ | ૨૫ | સાહેદ નં.૨ | ફરિયાદ |
| ૩ | ૨૬ | સાહેદ નં.૨ | સુસાઇડ નોટ |
| ૪ | ૨૭ | સાહેદ નં.૨ | મરણ જનારના અક્ષરનો નમૂનાનો કાગળ |
| ૫ | ૩૦ | –– | ઇન્કવેસ્ટ પંચનામું |

| | | | |
|---|---|---|---|
| ૬ | ૩૧ | -- | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૭ | ૩૨ | -- | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું |
| ૮ | ૩૪ | સાહેદ નં.૪ | મરણ જનારનો મોબાઇલ/સુસાઇડ નોટ કબજે કર્યાનું પંચનામું |
| ૯ | ૩૫ | સાહેદ નં.૪ | પંચ સ્લીપ |
| ૧૦ | ૩૮ | સાહેદ નં.૬ | ઝડતી પંચનામું |
| ૧૧ | ૪૦ | સાહેદ નં.૭ | તપાસ સોંપ્યાનો હુકમ |
| ૧૨ | ૪૧ | સાહેદ નં.૭ | સ્ટેશન ડાયરીની નકલ |
| ૧૩ | ૪૪ | સાહેદ નં.૮ | પી.એમ. નોટમાં મરણ જનારના નામમા સુધારો કરવા યાદી |
| ૧૪ | ૪૫ | સાહેદ નં.૮ | રેલ્વેવર્કશોપમાં આવેલ એમ્બ્યુલન્સના કોન્ટ્રાકટની માહિતી |
| ૧૫ | ૪૬ | સાહેદ નં.૮ | ભાવનગર રેલ્વે ધ્વારા આપવામાં આવેલ પત્ર |
| ૧૬ | ૪૭ | સાહેદ નં.૮ | કોલ ડીટેઇલ મળવા યાદી |
| ૧૭ | ૪૮ | સાહેદ નં.૮ | મુદામાલ રવાનગી નોંધ |
| ૧૮ | ૪૯ | સાહેદ નં.૮ | એફ.એસ.એલ.ની પહોંચ |
| ૧૯ | ૫૦ | સાહેદ નં.૮ | મુદામાલ રવાનગી નોંધ |
| ૨૦ | ૫૧ | સાહેદ નં.૮ | એફ.એસ.એલ.ની પહોંચ |
| ૨૧ | ૫૩ | -- | એફ.એસ.એલ. રીપોર્ટ |
| ૨૨ | ૫૪ | -- | કેસ એબસ્ટ્રેકટ |

૫. ઉપર મુજબનો પુરાવો લીધા બાદ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનો ઇન્કાર કરી તેઓ નિર્દોષ હોવાનું તેમજ પોતાને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલાનું જણાવેલ છે.

૬. સરકાર તરફે વિધ્વાન પી.પી. ને સાંભળ્યા. તેઓ દલીલ કરતા જણાવે છે કે, ફરિયાદીના પુરાવાથી આ કામના આરોપીઓએ મરણ જનારને માનસિક ત્રાસ આપી ક્રૂરતાનો ભોગ બનાવી આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ પુરુ પાડેલાની હકીકત પુરવાર થાય છે. આવી હકીકતને તપાસ કરનાર અમલદાર તથા મરણ જનારની લાશનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસરના પુરાવાથી પણ સમર્થન મળતુ હોય આરોપીઓને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવી જોઇએ.

૭. આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી દલીલ કરતા જણાવે છે કે, ફરિયાદ મોડી દાખલ કરવામાં આવેલ હોય આફ્ટર થોટ ફરિયાદ કરેલ હોય ફરિયાદ હકીકતમાં શંકા ઉપસ્થીત થાય છે. આરોપીઓએ ફરિયાદીના પતિને કોઇ માનસિક દુ:ખ ત્રાસ આપેલ નથી. ખુદ મરણ જનારના બહેન મીરાબેને ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી તેમજ આ કામે કરવામાં આવેલ પંચનામાના પંચોએ પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. વધુમાં ખુદ મરણ જનારની સુસાઇડ નોટ પરથી તેણે અન્ય લોકો પાસેથી પણ ઉછીના પૈસા લીધેલાનું ખુલવા પામેલ હોય મરણ જનારે આરોપીઓના ત્રાસના કારણે નહિ પરંતુ તેને દેવુ થઇ જવાના કારણે તેણે આત્મહત્યા કરેલાની હકીકતને રજૂ થયેલ પુરાવાથી સમર્થન મળતું હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

૮. ઉપરોકત સંજોગોમાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થીત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદી મનીષાબેનના પતિ તુલસીરામ શામજીભાઇ ડાંગીયાને આરોપી નં.૧ ભગવતીબેન સાથે પ્રેમ સબંધ હોય આરોપી નં.૧ ફરિયાદીના પતિ સાથે છેલ્લા નવ વર્ષથી રહેતા હોય અને આરોપી નં.૧ પરિણિત હોય અવારનવાર તેમના સંતાનોને મળવાના બહાને પંદર વીસ દિવસે ઉગામેડી તેના પતિ પાસે

જતા રહેતા હોય અને ફરિયાદીના પતિને ફરિયાદીના ઘરે જવાની કે તેના સંતાનોને મળવાની કે વાત કરવાની મનાઇ કરી, મકાન લેવાની વાત કરી, જો ભાડે રહેવુ હોય તો મારા પતિ પાસે જતી રહીશ તેવી ધમકી આપી ફરિયાદીના પતિને માનસિક ત્રાસ આપી તેમજ આરોપી નં.ર વિષ્ણુભાઇ રેલ્વેના કોન્ટ્રાકટર હોય ફરિયાદીના પતિ આરોપી નં.ર નાં રામદેવ એન્ટરપ્રાઇઝમાં કોન્ટ્રાકટમાં એમ્બ્યુલન્સ વાન રેલ્વે વર્કશોપમાં ચલાવતા હોય આરોપી નં.ર તથા નહિ પકડાયેલ આરોપીઓ રેલ્વે વર્કશોપનાં CWE–એચ.સી.જાંગીડ, Dy.CME અશોક મીણાએ ફરિયાદીના પતિના બીલના પૈસા છેલ્લા એક વર્ષથી પાસ નહિ કરી તેના ભાડાના પૈસા (પગાર) છેલ્લા એક વર્ષથી આરોપી નં.ર નાંએ ફરિયાદીના પતિને નહિ આપી તેને માનસિક ત્રાસ આપી મરવા મજબૂર કરતા જેનાથી કંટાળી જઇ ફરિયાદીનાં પતિએ સુસાઇડ નોટ લખી તા.૧૮/૭/૨૦૨૩ ના રોજ કલાક ૧૨:૦૦ વાગ્યા આસપાસ રેલ્વે વર્કશોપ, ભાવનગર પરા, એડમીન બિલ્ડીંગ ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી લીધેલ હોય આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૯. ઉપરોકત મુદા પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>-:: કા ર ણો ::-</u>**

**<u>મુદા નં.૧ :-</u>**

૧૦. આ કામે ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી અને આરોપીઓના વિધ્વાન વકીલશ્રીની દલીલો ધ્યાને લેતા તેમજ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ મુજબ

શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવા સબબ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે ત્યારે આ કામે રજૂ થયેલ પુરાવાને આધીન ફરિયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનો પુરવાર કરે છે કે કેમ? તે માટે આ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર મૌખિક પુરાવાની ચર્ચા કરવી જરૂરી જણાય છે.

**ફરિયાદીનો પુરાવો :–**

૧૧. ફરિયાદ પક્ષ તરફે **આંક ૨૪ થી ફરિયાદી મનીષાબેન તુલસીરામભાઇ ડાંગીયાને** તપાસેલ છે. તેણીનો પુરાવો ધ્યાને લેતા તેને ત્રણ દીકરી અને એક દીકરો છે. તેણીના નણંદનું નામ મીરાબેન છે. કીરણબેન તેણીના નણંદ થાય છે. તેણી સફાઇકામ કરવા માટે ગયેલ હતી તે સમયે તેણીના નણંદ મીરાબેનનો તેના નણંદ કીરણબેન ઉપર ફોન આવેલ અને તેણીને કીરણબેને કહેલ કે રેલ્વે ઓફીસમાં તેણીના પતિ તુલસીભાઇએ અગાસીમાંથી પડીને આત્મહત્યા કરેલ છે અને દવાખાને રેલ્વે વર્કશોપમાં લઇ ગયેલ છે અને ત્યાં રેલ્વેના સાહેબે એવુ કહેલ કે તુલસીરામ અવસાન પામેલ છે. તેણીના પતિએ વિષ્ણુભાઇ કોન્ટ્રાકટર હસ્તક રેલ્વે હોસ્પીટલમાં ઇકો ગાડી એમ્બ્યુલન્સ તરીકે મુકેલ હતી અને તેઓ પોતે ગાડી ચલાવતા હતા અને આ વિષ્ણુભાઇ કોન્ટ્રાકટર છેલ્લા છ મહિનાથી દોઢેક વર્ષ સુધી બીલ પાસ કરતા ન હતાં. વધુમાં આ સાહેદ જણાવે છે કે, વિષ્ણુભાઇ કોર્ટમાં હાજર છે. તેણીના પતિનો બનાવ ૧૮ તારીખ, ૭ મો મહિનામાં બનેલો અને એ રીતે તેણીના પતિને ગુજરી ગયાને બે વર્ષ જેટલો સમય થયેલો છે. તેણીના પતિ ભેણલ હતા અને તેને લખતા વાંચતા આવડતુ હતું. તેણીએ તેના લખાણવાળા અક્ષરો જોયેલા છે. તેણીને તેના પતિના અક્ષરોવાળુ લખાણ બતાવવામાં આવે તો તેણી તે ઓળખી શકે. વધુમાં આ સાહેદ જણાવે છે કે, તેણીના પતિ પાસે મોબાઇલ ફોન હતો તેનો નંબર હાલ તેણીને યાદ નથી. તેણીના પતિ અવસાન પામ્યા તે સમયે તેના મોબાઇલ ફોન પર રાખેલ કવરમાંથી

એક ચીઠ્ઠી મળેલ હતી, આ ચીઠ્ઠી તેણીના પતિએ લખેલી હતી, તેના અક્ષરો તેણીને જોયેથી ખબર પડે.

૧૧.૧. વધુમાં આ સાહેદ જણાવે છે કે, આ ચીઠ્ઠીમાં વિષ્ણુભાઇ અને ભગવતીબેન વિશે તેણીના પતિએ લખેલ હતું. ભગવતીબેન વિશે એવુ લખેલ હતું કે નવ વર્ષથી મારી સાથે પત્ની તરીકે રહેલ છે, પરંતુ મને દગો આપેલ છે અને મને ઘરનું મકાન લઇ દેવા માટે ધમકીઓ આપે છે અને આ વિષ્ણુભાઇ વિશે તેઓ છેલ્લા છ માસથી દોઢ વર્ષ સુધી ગાડીનું બીલ પાસ કરતા નથી અને અવારનવાર રેલ્વેમાં જવા છતાં બીલ પાસ કરતા ન હતાં તેમ લખેલ હતું. તેણીના પતિનું મૃત્યુનું કારણ ઉપરોકત જણાવેલ હકીકત જ છે તેમ જણાાવી આ સાહેદ કોર્ટ રુબરુ પોતાની ફરિયાદ જોઇ તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક ૨૫ થી રજૂ કરેલ છે. વધુમાં આ સાહેદ જણાવે છે કે, તેણીને મુદ્દામાલવાળુ સીલપેક કવર નામદાર કોર્ટ રુબરુ ખોલી તેમાં રહેલ મુદ્દામાલ આર્ટીકલ માર્ક–ડી વાળી ચીઠ્ઠી (સુસાઇડ નોટ) અને માર્ક–એન વાળા કાગળો બતાવવામાં આવે છે, જે ચીઠ્ઠીના તથા કાગળોના અક્ષરો જોઇએ કહું છું કે તે તેણીના પતિના અક્ષરો છે. જે ચીઠ્ઠી અને કાગળો અનુક્રમે આંક ૨૬ તથા ૨૭ થી રજૂ છે. વધુમાં આ સાહેદ જણાવે છે કે, તેણીના પતિએ તેણીને ઇકો ગાડી લઇને રેલ્વે હોસ્પીટલમાં એમ્બ્યુલન્સ તરીકે મુકેલ છે તેટલી વાત કરેલી હતી તેથી ઇકો ગાડીનો કલર તેણીને ખબર નથી.

૧૧.૨. વધુમાં આ સાહેદ જણાવે છે કે, તેણીના સસરાનું નામ શામજીભાઇ મોહનભાઇ ડાંગીયા છે. તેણીના સસરા તેઓની સાથે જ રહે છે. બનાવ બન્યા બાદ પોલીસ તેઓના ઘરે આવેલી અને પ્રથમ તેણીના પતિનો મોબાઇલ લઇ ગયેલ, ત્યારબાદ તેણી ફરિયાદ લખાવવા ગયેલી ત્યારે તેણીએ પોલીસને તેના પતિએ લખેલી ચીઠ્ઠી આપેલી. ભગવતીબેનને જોયેથી ઓળખે છે, જે આજરોજ કોર્ટમાં હાજર નથી.

૧૧.૩. આ સાહેદની આરોપી નં.ર તરફેની ઉલટ તપાસમાં તેણી કબૂલ રાખે છે કે, તેણી ધોરણ–૪ સુધી ભણેલ છે. તેણીને લખતા વાંચતા આવડતુ નથી. બનાવ બન્યો તેના ત્રણ વર્ષ પહેલાથી તેણીના પતિ તેનાથી અલગ રહેતા હતા. તેની અને તેના પતિની માથાકુટ થતી હોય તે કારણથી તેઓ અલગ રહેતા હતા. તેણીના પતિના જે બીલ બાકી હતાં તે બીલની કોઇ વિગત તેણી પાસે નથી. તેણી કબૂલ રાખે છે કે, તેણીના પતિ કોન્ટ્રાકટ ઉપર જે ગાડી એમ્બ્યુલન્સ તરીકે ચલાવતા હતા તે અંગેના કોઇ દસ્તાવેજ તેણીએ પોલીસને આપેલા નથી. તેણી પર એવો ફોન આવેલો કે તેણીના પતિ જાતે પડી ગયેલા છે. તેણી કબૂલ રાખે છે કે, તેણી વિષ્ણુભાઇને બનાવ પહેલા કયારેય મળી નથી. તેણી એ પણ કબૂલ રાખે છે કે, આંક ર૬ વાળી સુસાઇડ નોટમાં વિષ્ણુભાઇના નામનો ઉલ્લેખ નથી. તેણી એ પણ કબૂલ રાખે છે કે, બનાવ અંગેની ફરિયાદ બનાવ બન્યાના દોઢ મહિના બાદ તેણીએ કરેલી. ફરિયાદ દોઢ મહિના બાદ દાખલ કરવાનું કોઇ અલાયદુ કારણ ફરિયાદમાં જણાવેલ નથી. તેણી કબૂલ રાખે છે કે, ટાઇપ કરેલા કાગળમાં તેણીએ સહી કરી આપેલી. તેણી એ હકીકતનો ઇન્કાર કરે છે કે, તેણીના પતિએ ઘણા બધા લોકો પાસેથી ઉછીના પૈસા લીધેલા. વિષ્ણુભાઇ પાસેથી તેણીના પતિએ પૈસા ઉછીના લીધેલ કે કેમ તેની તેણીને ખબર નથી. આ સાહેદે કોર્ટ રુબરુ આરોપી નં.૧ ભગવતીબેનને ઓળખી બતાવેલ છે.

૧૧.૪. આ સાહેદની આરોપી નં.૧ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા તેણી કબૂલ રાખે છે કે, તેણી ભગવતીબેનને એટલા માટે ઓળખે છે કે તેઓ તેમની જ્ઞાતિના છે. વધુમાં આરોપી નં.ર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસને આરોપી નં.૧ તરફે એડોપ્ટ કરેલ છે.

**મરણ જનારના બહેનનો પુરાવો :–**

૧ર. ફરિયાદ પક્ષ તરફે **આંક ર૯ થી મીરાબેન પ્રકાશભાઇ ભટ્ટને** તપાસેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા તેણીના ભાઇનું નામ

તુલસીરામ શામજીભાઈ ડાંગીયા છે. તેનો બનાવ આશરે બે વર્ષ પહેલા ૧૮ તારીખ અને ૭ માં મહિનામાં બનેલો, સાલ તેણીને યાદ નથી. તે દિવસે તેણીના પિતાનો તેના મોબાઇલમાં ફોન આવેલો અને તેણીને કહેલ કે ભાઇના ફોનમાંથી ફોન આવેલ છે અને તે પડી ગયેલ છે, તેને રેલ્વે હોસ્પીટલ લાવેલ છે, અને તે સમયે તેણીના પિતાની તબીયત સારી ન હોવાથી તેણી સીધી રેલ્વે સ્ટેશન ગયેલી, ત્યાં તેણીને તેના ભાઈની લાશ સોંપવામાં આવેલ અને હોસ્પીટલમાં પુછતા રેલ્વેની અગાસીમાંથી પડી ગયાનું જણાવવામાં આવેલુ, જેથી તેણીએ તેઓના ભાભી મનીષાબેનને આ બનાવની જાણ કરેલી અને તેણીના બીજા બેન તેણીના ભાભીને લઇને હોસ્પીટલમાં આવેલા અને લાશ તેઓને અંતીમ સંસ્કાર માટે સોંપેલ. આ બનાવના કારણની તેઓની કશી જાણ નથી.

૧૨.૧. વધુમાં આ સાહેદ જણાવે છે કે, એવુ બનેલ નથી કે તેણીના ભાઇએ કોઈ વ્યકિતના ત્રાસના કારણે આત્મહત્યા કરેલ હોય અને સુસાઇડ નોટ લખેલ હોય અને તે તેઓના જાણમાં આવતા તે બાબતની તેઓએ પોલીસને વિગતવાર હકીકત લખાવેલી હોય. પોલીસે તેણીનું નિવેદન લીધેલુ.

૧૨.૨. આમ, આ સાહેદ તેણીના પોલીસ રુબરુના નિવેદનની હકીકત સમર્થન આપતા ન હોવાથી વિધ્વાન પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા તેમાં પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન કરતી કોઈ હકીકત જાહેર કરેલ નથી.

**પી.એમ. કરનાર ડોકટરનો પુરાવો :–**

૧૩. ફરિયાદ પક્ષ તરફે **આંક ૧૪ થી ડો.વિશાલ મનુભાઈ વાળાને** તપાસેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા ગઈ તા.૧૮/૦૭/૨૦૨૩ ના રોજ સર ટી. હોસ્પીટલ, ભાવનગર ખાતે મદદનીશ પ્રાધ્યાપક તરીકે પોતાની ફરજ પર હતો ત્યારે એક લાશનું પેનલ પી.એમ. કરવા માટે સી.પી.રાઠોડ, પી.એસ.આઇ., બોરતળાવ પોલીસ સ્ટેશનથી કાગળો લઇને આવેલ, જેમાં પી.એમ. કરવાની યાદી,

ઈન્કવેસ્ટ પંચનામું, મરણોત્તર ફોર્મ સામેલ હતું. આ લાશ તુલસીરામ શામજીભાઈ ડાંગીયાની હતી. ત્યારબાદ આ લાશનું પોસ્ટમોર્ટમ પી.એમ. નં.૩૮૪/૨૦૨૩ થી તેમના તથા સાથેના પેનલ ડો.જી.એલ.બવાડીયા ધ્વારા કરવામાં આવેલુ. આ લાશ તે જ દિવસે સાંજના ૦૬:૦૫ વાગ્યે મળેલી અને શબ પરીક્ષણ સાંજના કલાક ૦૬:૨૦ વાગ્યે શરુ કરેલુ અને ૦૭:૪૦ વાગ્યે પુરુ કરેલુ.

૧૩.૧. વધુમાં આ સાહેદ જણાવે છે કે, આ લાશનું બાહય પરીક્ષણ કરતા આ લાશ ઓળખાયેલ હતી. તેમાં પી.એમ. નોટના કોલમ નં.૭ અને ૮ મુજબનો પહેરવેશ હતો. શબ સામાન્ય બાંધાનું અને ઠંડુ હતું. પી.એમ. લીવીડીટી જાંબલી રંગની હતી અને શરીરના પાછળના ભાગે દબાણ સિવાયના ભાગે આછા જાંબલી અને અચોકકસ હતી. શબને તપાસના તેના શરીર ઉપર નીચે મુજબની ઈજા માલુમ પડેલ. (૧) હાડકા સુધીની ઉંડી ફાટેલી ઈજા જમણા બાહુ પર હતી. તેની અંદરનું હયુમરસ હાડકામાં ઓપન ડીસ્પ્લેસ પ્રકારનો અસ્થીભંગ હતો (૨) દબાણ સાથેના છોલાણ તથા ચકામુ જમણી કોણીમાં જસ્ટ નીચેના ભાગે હતું. (૩) હાડકા સુધીનું ઉંડુ ચકામુ જમણા પગ પર નીચેના ૧/૩ ભાગમાં હતું, જેની અંદરનું ટીબીયા હાડકામાં કલોઝડ ડીસ્પ્લેસ પ્રકારનો અસ્થીભંગ હતો. ઉપર દર્શાવેલ તમામ ઈજાઓ ઘટ્ટ લાલ રંગની તથા બ્લન્ટ ફોર્સથી થયેલ હતી. ઈજાઓ મૃત્યુ પહેલાની અને તાજી હતી.

૧૩.૨. વધુમાં આ સાહેદ જણાવે છે કે, આંતરિક તપાસ કરતા ખોપરીમાં કોઈ અસ્થીભંગ ન હતો. મગજમાં ૬ x ૬ સે.મી.નું ચકામુ ડાબા પરાઈટલ લબેના ભાગે હતું. છાતીની દીવાલની આંતરિક તપાસમાં જમણી બાજુની ૨ થી ૭ નંબરની પાસળીમાં તથા ડાબી ૨ થી ૪ નંબરની પાંસળીમાં કલોઝડ ડીસ્પ્લેસ પ્રકારનો અસ્થીભંગ હતો. છાતીના વચ્ચેના હાડકામાં ૭ x ૬ સે.મી.નું ચકામુ હતું. દરેક અસ્થીભંગની લાઈનો હેમરેજીક હતી તથા આજુબાજુમાં રકતસ્ત્રાવ હતો. છાતીના જમણી બાજુના પોલાણમાં આશરે ૨૫૦ એમ.એલ.

જેટલો લાલ રંગનું રકત હતું. જમણી બાજુના ફેફસાના લોઅર લોબમાં પાછળના ભાગે ચકામુ હતું. મેજેન્ટરીમાં ઘણી જગ્યાએ ચકામા હતા. પેટના પોલાણમાં આશરે ૭૦૦ એમ.એલ. જેટલુ ઘટૃ લાલ રંગનું રકત હતું. યકૃતમાં ઘણી સંખ્યામાં અનીયમીત ત્રાસી ફાટેલી ઈજાઓ હતી. હોજરીમાંથી કોઇ ગંધ આવતી ન હતી અને મ્યુકોઝા ફીકકી હતી. આ સિવાયની આંતરિક રચના યથાવત હતી અને અંગો ફીકકા હતા. વધુમાં આ સાહેદ જણાવે છે કે, શબ પરીક્ષણને અંતે એફ.એસ.એલ. ફોરવર્ડીંગ પત્ર મુજબના નમૂનાઓ સાચવી રાખવામાં આવેલ હતાં. શબ પરીક્ષણના અંતે મૃત્યુનું કારણ શરીરની ઈજાઓ ધ્વારા થયેલ હેમરેજ છે. આમ છતાં નમૂનાઓ રાસાયણીક પૃથ્થકરણ માટે સાચવી રાખવામાં આવેલ છે. આ સાહેદ કોર્ટ રુબરુ પોસ્ટમોર્ટમ નોટ જોઈ તેમાં પોતાના હસ્તાક્ષર તથા પોતાની તથા સાથેના પેનલ ડોકટરની સહી ઓળખી બતાવી આંક ૧૫ થી પી.એમ. નોટ રજૂ કરેલ છે.

૧૩.૩. આ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબૂલ રાખે છે કે, પી.એમ. કરતા પહેલા તેમણે ઇન્કવેસ્ટ પંચનામું વાંચેલુ. કોઇ વ્યકતી અકસ્માતથી બોથડ પદાર્થ સાથે અથડાય તો મરણ જનારને ઈજાઓ હતી તે થઈ શકે. તેઓ કબૂલ રાખે છે કે, તેમણે પી.એમ. કરેલુ ત્યારે હિસ્ટ્રીમાં તુલસીદાસનું નામ જાહેર થયેલુ. તેઓ કબૂલ રાખે છે કે, તા.૯/૧૦/૨૦૨૩ ના રોજ પી.આઈ. શ્રી રેવર સાહેબના કહેવાથી તેમણે સદરહુ નામ બદલેલુ.

**પંચ સાહેદોનો પુરાવો :–**

૧૪. ફરિયાદ પક્ષ તરફે આંક ૩૪ વાળા મરણ જનારનો મોબાઈલ ફોન/સુસાઈડ નોટ કબજે કર્યાનાં પંચનામાના પંચ સાહેદો **રસીકભાઈ હરીભાઈ પરમારને આંક ૩૩** થી તથા **રજાકભાઈ ઈસ્માઈલભાઈ પરમારને આંક ૩૬** થી તપાસેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા તેઓએ સદર પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોવાથી વિધ્વાન પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી

ગયેલા સાહેદો તરીકે જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા તેમણે સદર પંચનામાની હકીકતને સમર્થન કરતી કોઇ વિગત જણાવેલ નથી.

૧૪.૧. આ સાહેદોની આરોપી નં.૧ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબૂલ રાખે છે કે લખેલા કાગળમાં પોલીસે તેઓને સહી કરવાનું કહેતા તેમણે સહી કરી આપેલ. તેમણે કોઇ લખેલો કાગળ કે મોબાઇલ જોયેલ જ નથી.

૧૪.૨. આ સાહેદોની આરોપી નં.૨ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબૂલ રાખે છે કે, પંચનામા સંદર્ભે પોલીસે માત્ર તેમની સહી લીધેલી, તે સિવાય તેઓ કાંઇ જાણતા નથી. તેમને પોલીસે કોઇ વસ્તુ બતાવેલી હોય તેવુ બનેલ નથી.

૧૫. ફરિયાદ પક્ષ તરફે આંક ૨૭ વાળા ઝડતી પંચનામાના પંચ સાહેદ શાહરુખભાઇ ફારુકભાઇ આરબીચાણીને આંક ૩૭ થી તપાસેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા તેઓએ સદર પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોવાથી વિધ્વાન પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા સદર પંચનામાની હકીકતને સમર્થન કરતી કોઇ વિગત જણાવેલ નથી.

૧૫.૧. આ સાહેદોની આરોપી નં.૧ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબૂલ રાખે છે કે પોલીસે માત્ર લખેલા કાગળમાં તેમની સહી લીધેલી. પોલીસે માત્ર તેમનું નામ સરનામું અને ઉંમર જ પુછેલી, તે સિવાય કાંઇ પુછેલુ નહિ. તેમની રુબરુમાં કોઇ વસ્તુ કબજે થઇ હોય તેવુ બનેલ નથી.

૧૫.૨. આ સાહેદોની આરોપી નં.૧ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસને આરોપી નં.૨ તરફે એડોપ્ટ કરેલ છે.

**પી.એસ.ઓ.નો પુરાવો :–**

૧૬. ફરિયાદ પક્ષ તરફે **આંક ૩૯ થી મંગાભાઇ ચકુરભાઇ મકવાણાને** તપાસેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા તા.૨૩/૦૮/૨૦૨૩ ના રોજ તેઓ બોરતળાવ પોલી સ્ટેશન ખાતે એ.એસ.આઇ. તરીકે

ફરજ બજાવતા હતા અને તે જ દિવસે રાત્રીના ૨૦:૦૦ થી પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા આ દરમ્યાન તે દિવસે પી.એસ.આઇ. રહેવર સમક્ષ મનીષાબેન તુલસીરામ ડાંગીયાએ તા.૧૮/૭/૨૦૨૩ ના રોજના તુલસીભાઇના મૃત્યુ સબંધે ફરિયાદ હકીકત જાહેર કરેલ, જે ફરિયાદ અનુસંધાને પી.એસ.આઇ. રહેવર તરફથી ગુનો રજીસ્ટર કરવા માટે તેમને ફરિયાદ લેખિત હુકમ સાથે મળતા તેમણે તે ફરિયાદ અન્વયે તેઓના સ્ટેશન ડાયરીમાં નોંધ નં.૨૮ થી કલાક ૨૧:૩૦ વાગ્યે ઇ.પી.કો. કલમ ૩૦૬ અન્વયેનો ગુનો રજીસ્ટર કરેલ અને તે ગુના અન્વયે પી.એસ.આઇ. રહેવરને લેખિત હુકમથી તપાસ સોંપી આપેલ. જે હુકમમાં પોતાની સહી ઓળખી બતાવી આંક ૪૦ થી રજૂ કરેલ છે. ગુનો દાખલ થયાની નોંધ નં.૨૮ વાળી કોમ્પ્યુટર પ્રીન્ટની ખરી નકલ આંક ૪૧ થી રજૂ કરેલ છે. વધુમાં આ સાહેદ જણાવે છે કે, આ ગુનાના કામે ગુનો રજીસ્ટર કરી તપાસ સોંપ્યા સિવાય તેમણે અન્ય કોઇ કાર્યવાહી કરેલી નથી.

૧૬.૧. આ સાહેદની આરોપી નં.૨ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબૂલ રાખે છે કે, ફરિયાદ તેમની રુબરુ લેવાયેલ નથી. બનાવ બન્યાના દોઢ મહીના બાદ ફરિયાદ નોંધાયેલી છે. ફરિયાદ સાથે કોઇ મુદ્દામાલ રજૂ થયેલ નથી. ફરિયાદ નોંધ્યા સિવાય તેમણે અન્ય કોઇ કાર્યવાહી કરેલ નથી.

૧૬.૨. આ સાહેદની આરોપી નં.૨ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસને આરોપી નં.૧ તરફે એડોપ્ટ કરેલ છે.

**તપાસ કરનાર અમલદારનો પુરાવો :–**

૧૭. ફરિયાદ પક્ષ તરફે **આંક ૪૩ થી કીરીટભાઇ ચનાભાઇ રેવરને** તપાસેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા તેઓ અગાઉ બોરતળાવ પોલીસ સ્ટેશનમા પી.એસ.આઇ. તરીકે તેમની ફરજ પર હતા તે દરમ્યાન તા.૨૩–૮–૨૦૨૩ ના કલાક–૨૧:૩૦ વાગે બોરતળાવ પોલીસ સ્ટેશનના ગુના રજી.નં.૧૨૬૦/૨૦૨૩, ઇ.પી.કો. કલમ–૩૦૬ મુજબની તપાસ તેઓના તરફ કરેલ હોય જેમા

ફરીયાદી મનીષાબેન તુલશીભાઇ ડાંગીયા, ઉ.વ.૪૦ રહે.ભાવનગર વાળાએ ફરીયાદ જાહેર કરેલી. પોતાને સંતાનમા ૩ દિકરી એક દિકરો છે અને પોતાના પતિ તુલશીરામ ૯ વર્ષથી પોતાનાથી અલગ રહેતા હતા. ગઈ તા.૧૮–૭–૨૦૨૪ ના રોજ પોતે જ્ઞાનમંજરી સ્કુલે કામ પર હતા તે દરમ્યાન પોતાના નણંદ મીરાબેનનો ફોન ફરીયાદીના ફોનમા આવેલ અને વાત કરેલ કે તુલશીરામ રેલ્વે વર્કશોપમા પડી ગયેલ છે અને રેલ્વે હોસ્પીટલે સારવારમાં લાવેલ છે જેથી પોતે રેલ્વે હોસ્પીટલે ગયેલા અને તુલશીરામે રેલ્વેની બીલ્ડીંગ પરથી આપધાત કરતા સારવાર દરમ્યાન મરણ ગયેલ હોય અને પોતાના પતિ મરતા પહેલા તા.૧૮–૭–૨૦૨૩ ના રોજ વર્કશોપ વોટસએપ સ્ટેટસમાં સ્યુસાઇડ નોટ મુકેલ જેમા પોતાના મોત માટે જવાબદાર રેલ્વે વર્કશોપવાળા તથા ભગવતીબેન છે તેવુ લખેલ હતુ તેમજ આ સ્યુસાઇડ નોટમા રેલ્વેના સી.ડબલ્યુ.એમ., એચ.સી.જંહાગીર, અશોક મીણા, ભગવતીબેન નીતીનભાઇ પરમાર, વીષ્ણુભાઇ બચુભાઇ મકવાણાના નામો લખાવેલ હોય જે વિગેરે મતલબતની ફરીયાદ તેઅને સોંપેલ.

૧૭.૧. વધુમાં આ સાહેદ જણાવે છે કે, આ કામે અગાઉ અકસ્માત મોત નં.૩૧/૨૦૨૩, સી.આર.પી.સી. ૧૭૪ મુજબનો બનાવ તા.૧૮–૭–૨૦૨૩ ના રોજ જાહેર થયેલ તેમા ઇન્કવેસ્ટ પંચનામુ, બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરવામા આવેલ. વધુમાં આ સાહેદ જણાવે છે કે, આ કામના ફરીયાદી ફરીયાદ જાહેર કરતા તપાસ તેઓને મળતા તપાસ દરમ્યાન તેઓએ મરણ જનારના મોબાઇલના કવરમાથી મળેલ સ્યુસાઇડ નોટ બે પંચોની હાજરીમા તપાસઅર્થે કબ્જે કરેલી. બે પંચોની રુબરુમા વીવો કંપનીનો મોબાઇલ પણ કબ્જે કરેલ. ત્યારબાદ બે પંચોની રુબરુમા જડતી પંચનામુ કરી મરણ જનારના ઘરેથી કુદરતી લખાણ મેળવેલ. વધુમાં આ સાહેદ જણાવે છે કે, ત્યારબાદ કબ્જે કરેલ મોબાઇલ એફ.એસ.એલ., ગાંધીનગર તરફ મોકલવામા આવેલ તેમજ

સ્યુસાઇડ નોટ તેમજ કુદરતી લખાણ હસ્તાક્ષર નીષ્ણાંત રાજકોટ તરફ મોકલવામાં આવેલ. વધુમાં આ સાહેદ જણાવે છે કે, ત્યારબાદ આરોપીનાં શરીર સ્થીતીનું પંચનામુ કરી આરોપીને અટક કરવામાં આવેલ તથા તપાસના કામે મરણ જનારની પી.એમ. નોટ આવતા તપાસના કામે સામેલ રાખેલ. પી.એમ. નોટમાં મરણ જનારના નામમાં સુધારો કરવા યાદી કરેલી. વધુમાં આ સાહેદ જણાવે છે કે, ત્યારબાદ રેલ્વે વર્કશોપમાં આવેલ એમ્બ્યુલન્સની વીગત મેળવવા યાદી કરેલી અને તેને અનુંસધાને મળેલ દસ્તાવેજી પુરાવા તપાસના કામે સામેલ રાખેલ. વધુમાં આ સાહેદ જણાવે છે કે, ત્યારબાદ આરોપીના કોલ ડીટેલ્સ મેળવવા સી.ડી.આર. ફોર્મ ભરી તપાસના કામે મેળવેલ મુદ્દામાલની રવાનગી તૈયાર કરી રાજકોટ તથા ગાંધીનગર તરફ રવાના કરેલ. સદરહુ મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળી જતા તેઓ ધ્વારા આપવામા આવેલ પહોંચ તપાસના કામે સામેલ રાખેલ. તપાસના કામે લાગતાવળગતા સાહેદોના નીવેદનો લીધેલ. વધુમાં આ સાહેદ જણાવે છે કે, આરોપીઓ વીરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ. આજરોજ આરોપીઓ કોર્ટમા હાજર છે તે જ છે. મુદ્દામાલ નામ.કોર્ટમા રજુ છે તે જ છે. આ સાહેદની જુબાની દરમ્યાન પી.એમ. નોટમાં સુધારો કરવાની યાદી તથા એમ્બ્યુલન્સના કોન્ટ્રાકટની માહીતી મેળવવાની યાદી અનુક્રમે આંક–૪૪ તથા આંક–૪૫ થી તથા ભાવનગર રેલ્વે દવારા આપવામા આવેલ પત્ર આંક–૪૬ થી, કોલ ડીટેલ્સ મેળવવા તૈયાર કરેલ સી.ડી.આર. ફોર્મની નકલ આંક–૪૭ થી, એફ.એસ.એલ. રાજકોટ તથા ગાંધીનગરને કરેલ મુદ્દામાલ રવાનગી અંગેની યાદી તથા એફ.એસ.એલ. રાજકોટ તથા ગાંધીનગરને મુદ્દામાલ મળ્યા બદલની પહોંચ અનુક્રમે આંક–૪૮ થી આંક–૫૧ સુધીની રજૂ થયેલ છે. વધુમાં આ સાહેદ જણાવે છે કે, તેમણે સાહેદ મીરાબેન પ્રકાશભાઇ ભટ્ટનુ નિવેદન લીધેલ, તેઓએ તેમના રુબરુના નિવેદનમા એવી હકીકત લખાવેલ છે કે, ''ગઈ

તા.૧૮/૦૭/૨૦૨૩ ના રોજ બપોરના આશરે બારેક વાગે હું મારા ઘરે હાજર હતી તે વખતે મારા પિતાનો શામજીભાઇ મોહતભાઈ ડાંગીયાનો ફોન આવેલ અને જણાવેલ કે તુલસીરામનું સ્ટેટસ જોયુ તે મારો ફોન ઉપાડતો નથી તેમ વાત કરતા મે મારા ભાઇ તુલસીરામનું વોટસએપ સ્ટેટસ જોયુ તો તેમણે સુસાઇડ નોટ લખેલ હોય જેથી મે મારા ભાઈના મોબાઈલ નં.૮૧૬૦૨૩૦૮૧૬ ઉપર બે વખત રીંગ કરેલ પરંતુ કોઇએ ફોન ઉપાડેલ નહી અને ત્રીજી વાર કોલ કરતા કોઇ અજાયા વ્યકિતએ ફોન ઉપાડેલ જેથી મે તેમને પુછેલ કે, મારો ભાઇ કયાં છે? તેમ કહેતા તેમણે ફોન ઉપર જણાવેલ કે, તમારા ભાઇ પડી ગયેલ છે અને તેમને સારવાર માટે રેલ્વે હોસ્પીટલમા લઇ ગયેલ છે. તેમ વાત કરતા આ બાબતે મે મારા પિતાને તથા કુવા મનોજભાઈ કેશવભાઇ વાઘેલા તથા તેમના દિકરા યુવરાજભાઈને ફોન કરી જાણ કરેલ. અને મારા પતિ ઘરે હાજર હોય અમો બંને પતિ પત્ની અમારા ઘરેથી નીકળી સીધા રેલ્વે હોસ્પીટલ, લાલ ટાંકી પાસે આવેલા તો ત્યાં આગળ મારા ભાઇ તુલસીરામને ડૉ.શ્રીએ મૃત જાહેર કરી દીધેલ અને તેમની લાશ સ્ટેટસ ઉપર મુકેલ હતી અને મારા પિતા તથા અમારા સગા સબંધીઓ રેલ્વે હોસ્પીટલમાં પહોંચી ગયેલ હોય તમામ હાજર હોય મને વાતોવાતથી જાણવા મળેલ કે, રેલ્વે વર્કશોપમાં બિલ્ડીંગ ઉપરથી પડી ગયેલ છે, અને સર.ટી.હોસ્પીટલમા પી.એમ. માટે લઈ જવા કહેતા રેલ્વે હોસ્પીટલની એમ્બ્યુલન્સમાં મારા ભાઈની લાશ સર ટી. હોસ્પીટલ ભાવનગર ખાતે લઈ ગયેલ અને ત્યાં આગળ મરણ જનાર તુલસીરામનું પી.એમ. કરવામાં આવેલ અને પી.એમ. થઈ ગયા બાદ લાશની અંતિમક્રિયા કરવા સારૂ લાશ મારા ભાભી મનીષાબેનને સોંપી આપેલ હતી" તેમજ ''૧૧/૭/૨૩ ના રોજ ભગવતી તેના પતિ પાસે ઉગામેડી જતી રહેલ હતી તેમ મારા ભાઇએ તેમની સ્યુસાઇડ નોટમાં લખેલ છે. આમ, મારા ભાઇ તુલશીરામ આ ભગવતીના માનસીક ત્રાસથી તેમજ રામદેવ એન્ટરપ્રાઈઝના કોન્ટ્રાકટર વિષ્ણુભાઇ તેના એમ્બ્યુલન્સના

ભાડાના પૈસા છેલ્લા એક વર્ષથી આપતા ન હોય તેમજ રેલ્વેના અધિકારીશ્રીઓએ મારા ભાઈની એમ્બ્યુલન્સના બીલના પૈસા છેલ્લા એક વર્ષથી પાસ નહી કરી મરવા મજબુર કરતા મારો ભાઈ તુલસીરામ ભાવનગર પરા રેલ્વે વર્કશોપના એડમીન બિલ્ડીંગ ઉપરથી પડતુ મુકી મરણ ગયેલ હોય મારા ભાભી મનીષાબેન નાઓ બોરતળાવ પોલીસ સ્ટેશન ખાતે જઇ આ લોકો વિરૂધ્ધમા ધોરણસર થવા ફરીયાદ કરેલ છે" તેમજ '' આ બનાવનું કારણ એવુ છે કે, મારા ભાઇ તુલસીરામ શામજીભાઇ ડાંગીયાનાઓને ભગવતીબેન નીતીનભાઇ પરમારે માનસીક ત્રાસ આપી તથા રેલ્વેના કોન્ટ્રાકટર વિષ્ણુભાઇ બચુભાઇ મકવાણા (રામદેવ એન્ટરપ્રાઇઝ) નાઓએ છેલ્લા એક વર્ષથી એમ્બ્યુલન્સના ભાડાના પૈસા નહી આપી તેમજ રેલ્વે વર્કશોપના CWM એચ.સી.જાંગીડ, Dy.CME અશોક મીણાએ મારા ભાઈના એમ્બ્યુલન્સના બીલના પૈસા છેલ્લા એક વર્ષથી પાસ નહી કરી મરવા મજબુર કરતા મારો ભાઇ રેલ્વે વર્કશોપની બિલ્ડીંગ ઉપરથી પડતું મુકી આપધાત કરી મરણ ગયેલ છે".

૧૭.૨. આ સાહેદની આરોપી નં.૧ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબૂલ રાખે છે કે, આ કામની ફરિયાદ પણ તેમણે લીધેલી અને તપાસ પણ તેમણે કરેલી. ગુનાનાં કામે ઇન્કવેસ્ટ પંચનામું તેમણે કરેલ નથી. તેઓ કબૂલ રાખે છે કે, ફરિયાદમાં ફરિયાદ મોડી દાખલ કરવા માટેનું કોઈ અલાયદુ કારણ જણાવેલ નથી. તમામ સાહેદોના નિવેદનમાં એક વિગત ખુલી આવેલી કે ગુજરનાર રેલ્વેના વર્કશોપની બિલ્ડીંગ પરથી પડી ગયેલ. તેઓ કબૂલ રાખે છે કે, તેમણે તમામ સાહેદોના નિવેદનો માત્ર તા.૧૯/૭/૨૦૨૩ તથા તા.૨૪/૭/૨૦૨૩ ના રોજ નોંધેલા છે. તેઓ કબૂલ રાખે છે કે, ગુજરનારનું મૃત્યુ પડી જવાથી હેમરેજ થવાના કારણે થયેલુ.

૧૭.૩. આ સાહેદની આરોપી નં.૨ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબૂલ રાખે છે કે, ફરિયાદ બનાવ બન્યાના દોઢ મહિના

બાદ આપવામાં આવેલ છે. ફરિયાદ લખવાની શરુઆત કરવાનો સમય અને પૂર્ણ કરવાનો સમય તેમણે ફરિયાદમાં જણાવેલ નથી. ફરિયાદી મરણ જનારથી લગભગ નવેક વર્ષથી અલગ રહેતા હતા. તેઓ કબૂલ રાખે છે કે, તેમની તપાસમાં એવુ ખુલેલ કે તેઓ ઝઘડાના કારણે અલગ રહેતા હતા. તેઓ કબૂલ રાખે છે કે, મરણ જનારને આરોપી નં.ર જોડે કોઇ કોન્ટ્રાકટ થયેલ હોય તેવુ ખુલેલ નથી. તેઓ એ હકીકતનો ઇન્કાર કરે છે કે, મરણ જનારના બાકીના બીલો તપાસના કામે કબજે કરેલ નથી. તેઓ એ હકીકતનો ઇન્કાર કરે છે કે, તેમણે બાકી બીલ સંદર્ભે રેલ્વેના હિસાબી શાખામાં કોઇ તપાસ કરેલ નથી. તેઓ કબૂલ રાખે છે કે, સુસાઇડ નોટમાં આરોપી નં.ર ના નામનો ઉલ્લેખ નથી. તેઓ કબૂલ રાખે છે કે, તેમની તપાસમાં એવુ ખુલેલ કે ગુજરનાર મોલીકભાઇ તથા અશોકભાઇ તથા સાવીત્રીબેન પાસેથી પણ નાણા ઉધાર લેતા હતા. આ કામે તેમણે મોલીકભાઇ તથા અશોકભાઇ તથા સાવીત્રીબેનના નિવેદનો નોંધી તે અંગે તપાસ કરેલ નથી. તેઓ કબૂલ રાખે છે કે, સુસાઇડ નોટમાં મરણ જનારે એવુ લખેલ કે મારે દુનિયાભરનું દેવુ થઇ જતા હું આત્મહત્યા કરુ છું. તેમણે વર્કશોપની અગાસી તપાસેલી જેમાં પાળી હતી. તેઓ કબૂલ રાખે છે કે, જો કોઇ વ્યકિત બેદરકારીપૂર્વક પાળીની સાફસફાઇ કરતા હોય તો તે નીચે પડી શકે. તેઓ કબૂલ રાખે છે કે, ગુજરનારના ડી.એલ. અને વાહનની માલિકીના કોઇ પુરાવા તેમણે તપાસના કામે કબજે કરેલ નથી.

૧૮. ઉપરોકત હકીકતે જોઇએ તો આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ અન્વયે ગુનો દાખલ થયેલ છે અને તે અન્વયે આંક ૧૧ થી ફરમાવેલ તહોમતનામું ધ્યાને લેતા ફરિયાદી મનીષાબેનના પતિ તુલસીરામ શામજીભાઇ ડાંગીયાને આરોપી નં.૧ ભગવતીબેન સાથે પ્રેમ સબંધ હોય આરોપી નં.૧ ફરિયાદીના પતિ સાથે છેલ્લા નવ વર્ષથી રહેતા હોય અને આરોપી નં.૧ પરિણિત હોય અવારનવાર તેમના સંતાનોને મળવાના બહાને પંદર વીસ દિવસે ઉગામેડી તેના પતિ પાસે જતા રહેતા હોય અને

ફરિયાદીના પતિને ફરિયાદીના ઘરે જવાની કે તેના સંતાનોને મળવાની કે વાત કરવાની મનાઈ કરી, મકાન લેવાની વાત કરી, જો ભાડે રહેવુ હોય તો મારા પતિ પાસે જતી રહીશ તેવી ધમકી આપી ફરિયાદીના પતિને માનસિક ત્રાસ આપી તેમજ આરોપી નં.ર વિષ્ણુભાઈ રેલ્વેના કોન્ટ્રાકટર હોય ફરિયાદીના પતિ આરોપી નં.ર નાં રામદેવ એન્ટરપ્રાઈઝમાં કોન્ટ્રાકટમાં એમ્બ્યુલન્સ વાન રેલ્વે વર્કશોપમાં ચલાવતા હોય આરોપી નં.ર તથા નહિ પકડાયેલ આરોપીઓ રેલ્વે વર્કશોપનાં CWE–એચ.સી.જાંગીડ, Dy.CME અશોક મીણાએ ફરિયાદીના પતિના બીલના પૈસા છેલ્લા એક વર્ષથી પાસ નહિ કરી તેના ભાડાના પૈસા (પગાર) છેલ્લા એક વર્ષથી આરોપી નં.ર નાંએ ફરિયાદીના પતિને નહિ આપી તેને માનસિક ત્રાસ આપી મરવા મજબૂર કરતા જેનાથી કંટાળી જઈ ફરિયાદીનાં પતિએ સુસાઈડ નોટ લખી તા.૧૮/૭/૨૦૨૩ ના રોજ કલાક ૧૨:૦૦ વાગ્યા આસપાસ રેલ્વે વર્કશોપ, ભાવનગર પરા, એડમીન બિલ્ડીંગ ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી લીધેલ હોય ત્યારે રજૂ થયેલ તબીબી પુરાવો જોતા ફરિયાદ પક્ષ તરફે આંક ૧૪ થી મરણ જનારની લાશનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસર ડો. વિશાલ મનુભાઈ વાળાને તપાસેલ છે. આ પી.એમ. કરનાર ડોકટરના પુરાવા મુજબ શબ પરીક્ષણના અંતે મૃત્યુનું કારણ શરીરની ઈજાઓ ધ્વારા થયેલ હેમરેજ હોવાનું અને આ ઈજા મૃત્યુ પહેલાની અને તાજી હતી અને આંક ૩૦ થી રજૂ થયેલ ઈન્કવેસ્ટ પંચનામા મુજબ મરણ જનારનું મોત બિલ્ડીંગ ઉપરથી પડતા થયેલાનું પંચો તથા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટનું માનવું છે ત્યારે તેમજ આંક ૧૫ ની પી.એમ. નોટસ ઉપરથી મરણ જનારની ઈજાઓને સમર્થન પ્રાપ્ત થતું હોય ગુજરનારનું મૃત્યુ એકમાત્ર બિલ્ડીંગ પરથી પડી જવાના કારણે થયેલ હોય તેવુ જણાય છે.

૧૯. હવે જયારે ઉપરોકત રજૂ થયેલ તબીબી પુરાવો ધ્યાને લેતા ગુજરનારનું મૃત્યુ એકમાત્ર બિલ્ડીંગ પરથી પડી જવાના કારણે થયેલ હોય અને આરોપીઓ વિરુધ્ધ જયારે આંક ૧૧ ના

તહોમતનામાને આધીન ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ અન્વયેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે ત્યારે ફરિયાદી પક્ષે માત્ર ગુજરનારનું મૃત્યુ અકુદરતી મૃત્યુ એટલે કે આપઘાતથી મરણ પામેલ છે તેટલી જ હકીકત પુરવાર કરવી જરૂરી નથી પરંતુ આરોપીઓના શારીરિક માનસિક ત્રાસ તથા દુષ્પ્રેરણના કારણે ગુજરનારને આપઘાત કરવા મજબૂર કરી, ગુજરનારે આપઘાત કરેલ હોવા સબબ હકીકત રજૂ થયેલ પુરાવાને આધીન ફરિયાદ પક્ષે પુરવાર કરવી જરૂરી છે.

૨૦. આ હકીકતના અનુસંધાને ફરિયાદીની ફરિયાદ હકીકત ધ્યાને લેતા ફરિયાદીના પતિ તુલસીરામ છેલ્લા નવ વર્ષથી ફરિયાદીથી અલગ રહેતા હતા અને સને ૨૦૦૧ થી રેલ્વેમાં કોન્ટ્રાકટ ઉપર પોતાની ઇકો ગાડી એમ્બ્યુલન્સ તરીકે ચલાવતા હતા. વધુમાં ફરિયાદ હકીકત મુજબ તા.૧૮/૭/૨૦૨૩ ના રોજ ફરિયાદી તથા તેના નણંદ કીરણબેન રવીભાઇ વાળા બંને જ્ઞાનમંજરી સ્કૂલે કામ ઉપર હતાં તે દરમ્યાન બપોરના આશરે એકાદ વાગ્યે તેના નણંદ મીરાબેન પ્રકાશભાઇ ભટ્ટનો તેના નણંદ કીરણબેન રવીભાઇ વાળાના ફોનમાં ફોન આવતા તેણી સાથે વાત કરેલ કે, મારા ભાઇ તુલસીરામ રેલ્વે વર્કશોપ, ભાવનગર ખાતે પડતા તેમને વાગેલ છે અને તેને રેલ્વે હોસ્પીટલ ખાતે સારવારમાં લાવેલ છે, તમે રેલ્વે હોસ્પીટલ આવો. તેમ વાત કરતા તેણી તથા તેના નણંદ કીરણબેન બંને રેલ્વે હોસ્પીટલ આવતા ત્યાં તેણીના પતિને ડોકટરશ્રીએ મરણ ગયેલ જાહેર કરેલ હોય તેવુ જણાય છે. આમ, આ કામે ફરિયાદીના નણંદ કીરણબેન કે જેમના ફોનમાં મીરાબેનનો ફોન આવતા બનાવની જાણ થયેલ છે તે સંજોગોમાં સાહેદ કીરણબેન બનાવ બાબતે મહત્વના સાહેદ હોવા છતાં તેને ફરિયાદ પક્ષ તરફે સાક્ષી તરીકે તપાસવામાં આવેલ ન હોય ફરિયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થીત થાય છે. વધુમાં ફરિયાદ હકીકત ધ્યાને લેતા ફરિયાદીએ એવુ જણાવેલ છે કે, આશરે બે મહિના પહેલા તેણીના પતિ તેની ભાણેજ સોનલબેન અશોકભાઇ વાઘેલાને મળેલ હતાં

ત્યારે ''ભગવતી ઘરનું મકાન લેવાનું કહે છે અને જો ભાડે રહેવું હોય તો મારા પતિ પાસે જતી રહીશ તેવી ધમકી આપે છે'', તેમ તેણીના પતિએ વાત કરેલ હતી. વધુમાં ફરિયાદ હકીકત ધ્યાને લેતા ફરિયાદીએ એવુ જણાવેલ છે કે, તેણી અહીં પોલીસ સ્ટેશન પોતાની ભાણેજ સોનલબેન ડો/ઓ. અશોકભાઇ વાઘેલા તથા મીરાબેન પ્રકાશભાઇ ભટ્ટ સાથે ફરિયાદ કરવા આવેલ છે. આમ, ફરિયાદીની ફરિયાદની ઉપરોકત હકીકત ધ્યાને લેતા આ કામે તેની ભાણેજ સોનલબેન અશોકભાઇ વાઘેલા બનાવ બાબતે મહત્વની સાહેદ હોવા છતાં પણ ફરિયાદ પક્ષ તરફે તેમને સાહેદ તરીકે તપાસેલ નથી જેથી પણ ફરિયાદ પક્ષના કેસમાં વાજબી શંકા ઉપસ્થીત થાય છે. વધુમાં ફરિયાદ હકીકત ધ્યાને લેતા બનાવ અનુસંધાને બોરતળાવ પોલીસ સ્ટેશન અ.મોત નં.૩૧/૨૦૨૩, તા.૧૮/૭/૨૦૨૩ થી રજીસ્ટર થયેલાનું જણાય છે. વધુમાં ફરિયાદ હકીકત મુજબ તા.૧૮/૭/૨૦૨૩ ના રોજ ફરિયાદીના પતિએ મરતા પહેલા તેના વોટસએપ સ્ટેટસમાં સુસાઇડ નોટ મુકેલાનું અને જે સુસાઇડ નોટ ફરિયાદીના પતિના મોબાઇલના કવરમાંથી મળી આવેલ હોવાનું જણાય છે.

૨૧. તે સંજોગોમાં આ કામે બનાવ અનુસંધાને ફરિયાદી મનીષાબેનનનો આંક ૨૪ થી રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા તેણીના નણંદનું નામ મીરાબેન છે. કીરણબેન તેણીના નણંદ થાય છે. તેણી સફાઇકામ કરવા માટે ગયેલ હતી તે સમયે તેણીના નણંદ મીરાબેનનો તેના નણંદ કીરણબેન ઉપર ફોન આવેલ અને તેણીને કીરણબેને કહેલ કે રેલ્વે ઓફીસમાં તેણીના પતિ તુલસીભાઇએ અગાસીમાંથી પડીને આત્મહત્યા કરેલ છે અને દવાખાને રેલ્વે વર્કશોપમાં લઇ ગયેલ છે અને ત્યાં રેલ્વેના સાહેબે એવુ કહેલ કે તુલસીરામ અવસાન પામેલ છે. તેણીના પતિએ વિષ્ણુભાઇ કોન્ટ્રાકટર હસ્તક રેલ્વે હોસ્પીટલમાં ઇકો ગાડી એમ્બ્યુલન્સ તરીકે મુકેલ હતી અને તેઓ પોતે ગાડી ચલાવતા હતા અને આ વિષ્ણુભાઇ કોન્ટ્રાકટર છેલ્લા છ મહિનાથી દોઢેક વર્ષ સુધી બીલ પાસ કરતા ન હતાં.

વધુમાં ફરિયાદીએ તેમના પુરાવા દરમ્યાન એવુ જણાવેલ છે કે, તેણીના પતિ અવસાન પામ્યા તે સમયે તેના મોબાઇલ ફોન પર રાખેલ કવરમાંથી એક ચીઠ્ઠી મળેલ હતી, આ ચીઠ્ઠી તેણીના પતિએ લખેલી હતી, આ ચીઠ્ઠીમાં વિષ્ણુભાઇ અને ભગવતીબેન વિશે તેણીના પતિએ લખેલ હતું. ભગવતીબેન વિશે એવુ લખેલ હતું કે નવ વર્ષથી મારી સાથે પત્ની તરીકે રહેલ છે, પરંતુ મને દગો આપેલ છે અને મને ઘરનું મકાન લઇ દેવા માટે ધમકીઓ આપે છે અને આ વિષ્ણુભાઇ વિશે તેઓ છેલ્લા છ માસથી દોઢ વર્ષ સુધી ગાડીનું બીલ પાસ કરતા નથી અને અવારનવાર રેલ્વેમાં જવા છતાં બીલ પાસ કરતા ન હતાં તેમ લખેલ હતું. તેણીના પતિનું મૃત્યુનું કારણ ઉપરોકત જણાવેલ હકીકત જ છે. ફરિયાદીએ તેમના પુરાવા દરમ્યાન કોર્ટ રુબરુ મુદ્દામાલ આર્ટીકલ માર્ક-ડી વાળી ચીઠ્ઠી (સુસાઇડ નોટ) અને માર્ક-એન વાળા કાગળો જોઇ જે ચીઠ્ઠીના તથા કાગળોના અક્ષરો જોઇ તેણીના પતિના અક્ષરો છે તેમ જણાવી જે ચીઠ્ઠી અને કાગળો અનુક્રમે આંક ૨૬ તથા ૨૭ થી રજૂ કરેલ છે.

૨૧.૧. તે સંજોગોમાં આ કામે આંક ૨૬ થી રજૂ થયેલ સુસાઇડ નોટ મહત્વનો પુરાવો કહી શકાય તેમ હોય આ કામે ફરિયાદીના પુરાવા દરમ્યાન આંક ૨૬ થી રજૂ તા.૧૮/૭/૨૦૨૩ ના રોજની સુસાઇડ નોટની વિગત અક્ષરસ: ધ્યાને લેતા તેનાં પ્રથમ પાના પર મરણ જનાર તુલસીરામ શામજીભાઇ ડાંગીયાએ એવુ લખેલ છે કે, *''પપ્પા મને માફ કરી દેજો હું તમારા ઘડપણનો સહારો નો બની શકયો મારા પપ્પા મારે માટે ભગવાન છે પણ રેલ્વે વર્કશોપવાળાએ મારા એમ્બ્યુલન્સના પૈસા છ મહિનાના બીલ એક વર્ષથી પાસ નથી કર્યા. મારી માથે દુનીયાભરનું કરજ થઇ જતાં મારે આ પગલુ ભરવું પડે છે. મને મારી પત્ની ભગવતીએ દગો આપ્યો છે. ૯ વર્ષથી મારી પાસે મારી પત્ની બનીને રહી હોવા છતાં અવારનવાર તેના પતિ પાસે (ઉગામેડી) જવાના બહાના કાઢયા કરે છે. એને બેયમાં રહેવું છે. અત્યારે પણ તે તા.૧૧/૭/૨૩ ના*

*રોજ તેના છોકરાઓનું બહાનું કાઢીને ઉગામેડી જતી રહેલ છે. મારે સમાજમાં કયાંય મોઢુ બતાવવા જેવું નો રહેતા મારે આ અંતીમ પગલું ભરવું પડયું છે. મારી મોતના જવાબદાર ભાવનગર રેલ્વે વર્કશોપ અને ભગવતી બંને છે. મારા છોકરાઓ માટે મારા પપ્પા માટે હું કાંઈ નો કરી શકયો. મારા આત્માને શાંતિ પણ નહિ મળે...... જય માતાજી.''*

૨૧.૨. જયારે આ સુસાઇડ નોટનાં બીજા પાના એટલે કે પાછળના પાના ઉપર મરણ જનારે એવુ લખેલ છે કે, *''ભગવતી માટે મે બધુ કર્યુ છતાં પણ ભગવતી તે મને દગો કર્યો ભગવાન તને કયારેય માફ નહિ કરે'' ત્યારબાદ નીચે બે લાઇન છોડી એવુ લખેલ છે કે,*

*રેલ્વે વર્કશોપ*

*C.W.M. એચ.સી.જાંગીડ*

*Dy.CME અશોક મીના*

*મારા બીલ પાસ નતા કરતા*

*(રામદેવ એન્ટરપ્રાઇઝ)''*

૨૨. ઉપરોકત હકીકતે જયારે આરોપી નં.ર વિરુધ્ધ ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે, આ વિષ્ણુભાઇ છેલ્લા છ માસથી દોઢ વર્ષ સુધી ફરિયાદીના પતિ મરણ જનાર તુલસીરામની ગાડીનું બીલ પાસ નહિ કરી તેને માનસિક ત્રાસ આપી મરવા મજબુર કરતા જેનાથી કંટાળી જઇ તેણે તા.૧૮/૭/૨૦૨૩ ના રોજ સુસાઇડ નોટ લખી આપઘાત કરેલ છે. આ હકીકતના અનુસંધાને આંક ૨૭ થી રજૂ થયેલ મરણ જનારના અક્ષરોનો નમૂનાના કાગળો ધ્યાને લેતા તેમાં આ કામના મરણ જનારે આરોપી નં.ર વિષ્ણુભાઇ પાસેથી તા.૧૪/૭/૨૧ થી તા.૨૬/૧૧/૨૧ દરમ્યાન અલગ અલગ તારીખોએ લીધેલ ઉપાડની વિગતો, મૌલીકભાઇ પાસેથી લીધેલો ઉપાડ અને કામનો હિસાબ, અશોકભાઇ પાસેથી લીધેલા પૈસાની યાદી તથા સાવિત્રીબેન સતીષભાઇ મહીડા પાસેથી લીધેલ પૈસાની યાદી રજૂ થયેલ છે. આમ, ફરિયાદ પક્ષનો આરોપી નં.ર વિરુધ્ધનો કેસ તેમજ આંક ૨૬ વાળા સુસાઇડ નોટની હકીકત એક તબકકે

સાચી માની લેવામાં આવે તો પણ આંક ૨૭ વાળા કાગળ પરથી આ કામના મરણ જનારે આ કામના આરોપી નં.૨ સિવાય મૌલીકભાઇ, અશોકભાઇ તથા સાવિત્રીબેન પાસેથી પૈસા લીધેલ હોય તેવુ જણાતું હોય તેમજ ખુદ મરણ જનારે તેમની આંક ૨૬ વાળી સુસાઇડ નોટમાં જયારે એવુ લખેલ છે કે, મારી માથે દુનીયાભરનું કરજ થઇ જતાં મારે આ પગલુ ભરવું પડે છે ત્યારે એકમાત્ર હાલના આરોપીઓને મરણ જનારનાં આપઘાત માટે જવાબદાર ઠરાવી શકાય નહિ. વધુમાં એક તબકકે આ કામના આરોપી નં.૨ નાંઓ મરણ જનારના બીલના પૈસા છેલ્લા એક વર્ષથી પાસ નહિ કરી તેના ભાડાના પૈસા (પગાર) છેલ્લા એક વર્ષથી નહિ આપતા હોવાનું સાચુ માની લેવામાં આવે તો પણ ફરિયાદીના પતિ તેમના બીલના/ભાડાના પૈસા (પગાર) આરોપી નં.૨ પાસેથી કઢાવવા માટે આરોપી નં.૨ વિરુધ્ધ કાનૂની કાર્યવાહી કરી શકયા હોત, પરંતુ તેઓએ તેમ નહિ કરી આપઘાતનો માર્ગ પસંદ કરેલ હોય તેટલા માત્રથી આરોપી નં.૨ ને તેમની સામેના આક્ષેપો સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય નહિ.

૨૩. ઉપરોકત હકીકતે જયારે આરોપી નં.૧ વિરુધ્ધ ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે, નવ વર્ષથી તેણી મરણ જનાર સાથે પત્ની તરીકે રહેલ છે, પરંતુ તેણીએ મરણ જનારને દગો આપેલ છે અને મરણ જનારને ઘરનું મકાન લઇ દેવા માટે ધમકીઓ આપે છે તેમજ આરોપી નં.૧ પરિણિત હોય અવારનવાર તે તેમના સંતાનોને મળવાના બહાને પંદર વીસ દિવસે ઉગામેડી તેના પતિ પાસે જતા રહેતા હોય અને મરણ જનારને ફરિયાદીના ઘરે જવાની કે તેના સંતાનોને મળવાની કે વાત કરવાની મનાઇ કરી, મકાન લેવાની વાત કરી, જો ભાડે રહેવુ હોય તો મારા પતિ પાસે જતી રહીશ તેવી ધમકી આપી મરણ જનારને માનસિક ત્રાસ આપેલ જેને કારણે મરણ જનારે આપઘાત કરી લીધેલ છે. આ હકીકતના અનુસંધાને જોઇએ તો ફરિયાદી તથા મરણ જનાર બંને પતિ-પત્નીને માથાકુટ થતી હોય તે કારણથી તેઓ અલગ રહેતા હોવાનું રેકર્ડ પર આવેલ

છે તેમજ આરોપી નં.૧ ભગવતીબેન પરિણિત છે, સંતાનોની માતા છે અને મરણ જનારની કાયદેસરની પત્ની નથી તેમ છતાં તેણી નવ વર્ષથી મરણ જનાર સાથે લગ્ન કર્યા વગર રહે છે અને તેણી તા.૧૧/૭/૨૦૨૩ ના રોજ તેના છોકરાઓનું બહાનું કાઢીને ઉગામેડી જતી રહેલ હોય તેમજ મરણ જનારને તેના ઘરે જવાની કે તેના સંતાનોને મળવાની કે વાત કરવાની મનાઇ કરી, મકાન લેવાની વાત કરી, જોડખ ભાડે રહેવું હોય તો મારા પતિ પાસે જતી રહીશ તેવી ધમકી આપતી હોય ત્યારે તે એવો કોઇ ત્રાસ ન કહી શકાય કે જેને લીધે મરણ જનારે આપઘાત કરવો પડે. ઉલટાનું આરોપી નં.૧ ભગવતીબેન મરણ જનારના કાયદેસરના પત્ની નથી. વધુમાં આંક ૨૬ ની સુસાઇડ નોટ મુજબ આરોપી નં.૧ ભગવતીબેને ઉપરોકત હકીકતે મરણ જનારને દગો કરેલાનું એક તબકકે સાચુ પણ માની લેવામાં આવે તો પણ મરણ જનાર ખુદ પરિણિત અને ચાર સંતાનોના પિતા હોવા છતાં જયારે મરણ જનાર પોતાની પત્ની તથા સંતાનોને છોડીને આ કામના આરોપી નં.૧ ભગવતીબેન સાથે લગ્ન કર્યા વગર સાથે રહેતા હોય ત્યારે આરોપી નં.૧ નાંએ મરણ જનારને દગો કરેલાનું માની શકાય નહિ અને તે માટે મરણ જનારે એકમાત્ર આપઘાત કરવા સિવાય કોઇ વિકલ્પ બાકી ન રહેતો હોવાનું પણ માની શકાય તેમ નથી. ઉલટાનું આંક ૨૬ વાળી સુસાઇડ નોટ મુજબ મરણ જનાર ઉપર જયારે દુનીયાભરનું કરજ થઇ ગયેલ છે અને તેવી હકીકતે આંક ૨૭ વાળા મરણ જનારનાં પોતાના હાથે લખેલ હિસાબ/કાગળો પરથી સમર્થન મળતું હોય ત્યારે મરણ જનારના આપઘાત માટે હાલના આરોપીઓને જવાબદાર ઠેરવી શકાય તેમ નથી.

૨૪. મરણ જનારના બહેન મીરાબેનનો પુરાવો ધ્યાને લેતા બનાવની જાણ તેણીને તેના પિતાએ કરેલ હોય તેવુ જણાય છે અને બનાવની જાણ થતાં તેણી રેલ્વે હોસ્પીટલમાં જતાં તેના ભાઇ રેલ્વેની અગાશીમાંથી પડી ગયેલાનું જણાવેલ જેથી તેણીએ બનાવની જાણ તેના ભાભી મનીષાબેન એટલે કે આ કામના

ફરિયાદીને કહેલ હોય તેવુ જણાય છે. બનાવના કારણની તેણીને ખબર નથી તેમ જણાવી આ સાહેદે ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી આ સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદરુપ થતો નથી. મરણ જનારની લાશનું પી.એમ. કરનાર ડોકટરનો પુરાવો ધ્યાને લેતા મરણ જનારનું મૃત્યુનું કારણ શરીરની ઈજાઓ ધ્વારા થયેલ હેમરેજ હોવાનું જણાય છે, તે સિવાય બીજી કોઈ મહત્વની હકીકત આ સાહેદની જુબાની પરથી ખુલવા પામેલ નથી. મરણ જનારનો મોબાઈલ ફોન/સુસાઈડ નોટ કબજે કર્યાનાં પંચનામાના પંચ સાહેદોનો પુરાવો તથા ઝડતી પંચનામાના પંચ સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેમણે તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાય છે, જેથી તેમનો પુરાવો પણ ફરિયાદ પક્ષના કેસને મદદરુપ થતો નથી.

૨૫. આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુના સબંધે તપાસ કરનાર અમલદારનો પુરાવો ધ્યાને લેતા ફરિયાદીની ફરિયાદ મોડી કરવાનું કોઈ કારણ જાહેર થયેલ નથી. જેથી ફરિયાદ હકીકત શંકા ઉપજાવે તેવી જણાય છે. વધુમાં આ તપાસ કરનાર અમલદારના પુરાવા પરથી ફરિયાદી મરણ જનારથી લગભગ નવેક વર્ષથી અલગ રહેતા હોવાનું તેમજ તેઓ ઝઘડાના કારણે અલગ રહેતા હોવાનું ખુલવા પામેલ છે. તેમની તપાસ દરમ્યાન મરણ જનારને આરોપી નં.૨ જોડે કોઈ કોન્ટ્રાકટ થયેલ હોય તેવુ ખુલેલ નથી. તેમની તપાસમાં એવુ ખુલેલ કે ગુજરનાર મોલીકભાઈ તથા અશોકભાઈ તથા સાવીત્રીબેન પાસેથી પણ નાણા ઉધાર લેતા હતા. આ કામે તેમણે મોલીકભાઈ તથા અશોકભાઈ તથા સાવીત્રીબેનના નિવેદનો નોંધી તે અંગે તપાસ કરેલ નથી. આરોપીઓને તકસીરવાન ઠરાવવા માટે આરોપીઓનું કૃત્ય મરણ જનારને આત્મહત્યા કરવા દોરી જાય તેટલી હદે ગંભીર પ્રકારનું પગલું ભરવા ઉશ્કેરવામાં આવ્યા હોય તે પ્રકારનું હોવુ જોઈએ. આ કામે મરણ જનારનું દુ:ખદ મૃત્યુ થયેલ છે પરંતુ કોઈપણ રીતે વિચારીએ તો હાલના આરોપીઓએ એવુ ઉશ્કેરાટનું કારણ મરણ જનારને આપ્યુ હોય કે જેથી તે આત્મહત્યા

કરી બેસે તેવો કોઇ પુરાવો મળી આવતો નથી. સુસાઇડ નોટમાં મરણ જનારે એવુ લખેલ છે કે મારે દુનિયાભરનું દેવુ થઇ જતા હું આત્મહત્યા કરુ છું. આમ, આ હકીકત ધ્યાને લેતા પણ મરણ જનારે આ કામના આરોપીઓના ત્રાસના કારણે આત્મહત્યા કરેલાનું નિ:શંકપણે પુરવાર થતું ન હોય આ કામના આરોપીઓને તેમની સામેના આક્ષેપો સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. જેથી ઉપરોકત ચર્ચાના અંતે **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

૧. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૧) અન્વયે આ કામના આરોપીઓ **(૧) ભગવતીબેન વા/ઓ. નીતીનભાઇ ભવાનભાઇ પરમાર (૨) વિષ્ણુભાઇ સ/ઓ. બચુભાઇ ટીડાભાઇ મકવાણા** નાંઓને તેમની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઇલ સંબંધે અગાઉ કોઇ હુકમ થયો હોય તો તે કાયમ કરવામાં આવે છે, અને જો કોઇ હુકમ થયો ન હોય તો મુદ્દામાલ મોબાઇલ તેના માલિકીપણાની ખરાઇ કરી તેના ખરા માલિકને સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે, જયારે બાકીનો તમામ મુદ્દામાલ બિનકિંમતી હોય અપીલ સમય વિત્યા બાદ બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(૨) ની જોગવાઇઓ અને શરતો મુજબ પ્રત્યેક આરોપીએ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)

નો જાતમુચરકો તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી છ મહિનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪. ચૂકાદો આજ તા.૩૦, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૩૦/૦૫/૨૦૨૬

**(એચ.એસ.મુલીયા)**
સત્ર ન્યાયાધીશ,
ભાવનગર.
કોડ નં.જીજે૦૦૯૧૫

-yatin